# પેપરલીક : સાઠંબા અને રમોસથી બેની ધરપકડ

## સાઠંબાનો જયેન્દ્ર રાવલ પણ ભાજપનો જ કાર્યકર : અરવલ્લી ભાજપના મોવડીઓ પણ શંકાના દાયરામાં

ગાંધીનગર સમાચાર દ્વારા પેપરલીક મામલે બાયડથી પ્રસિધ્ધ કરેલા અહેવાલોમાં બાયડના અરજણવાવ ખાતેથી ઝડપાયેલ મનહર પટેલ સાથે નીકટનો સબંધ ધરાવતાં શખ્સની પણ ધરપકડ કરાઈ હોવાનો ઘટસ્ફોટ કાર્યો હતો. મનહર પટેલની સાથો સાથ ભાજપનું ગોત્ર ધરાવતા સાઠંબાના જયેન્દ્ર રાવલની ધરપકડના અહેવાલોને પગલે અરવલ્લી જીલ્લા ભાજપમાં ભૂકંપ સર્જાયો હતો. એક પછી એક ભાજપના જ કાર્યકરોનાં નામ બહાર આવતાં જિલ્લાના ભાજપના મોવડી મંડળમાં પસ્તાળ પળી હતી. ચારે કોર અરવલ્લીમાંથી જ ભાજપના કાર્યકરોની કરતૂતો બહાર આવતાં ભાજપના વાંકે લાખો ઉમેદવારોનું ભવિષ્ય રોળાયું હોવાની ચર્ચાઓ એ જોર પકડ્યું છે. જોકે પેપરલીક કૌભાંડમાં બાયડ તાલુકાના રમોસ ખાતેના અન્ય એક શખ્સની પણ પેપર ખરીદવા બદલ ધરપકડ કરાતાં અરવલ્લી જીલ્લામાં સોંપો પડી ગયો છે.સિલસીલા બંધ ધરપકડોને પગલે પેપરલીક કૌભાંડ અરવલ્લીમાંથી જ સમગ્ર રાજયમાં વિસ્તર્યું હોવાનું મનાઈ રહ્યુ છે.

રાજયભરમાં ચકચારી બનેલાં પેપરલીક કૌભાંડનાં મુખ્ય આરોપીઓ ઝળપાયા બાદ એક પછી એક સંડોવાયેલ આરોપીઓની ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરવાની શરૂ કરી છે.ત્યારે બાયડ તાલુકામાંથી મનહર પટેલને ઝળપ્યાં બાદ તેનાં ખાસ નજીકના મિત્ર ગણાતા બાયડ તાલુકા ભાજપના પુર્વ મહામંત્રી જયેન્દ્ર રાવલની ધરપકડ કરતાં સમગ્ર અરવલ્લી ભાજપના નેતાઓ શરમના માર્યા મોઢું સંતાડી આબરૂ બચાવતા નજરે પડ્યા હતાં.ચકચારી કૌભાંડમાં કૌભાંડીઓ પાસેથી પેપર ખરીદવાના ગુનામાં બાયડ તાલુકાના રમોસ ખાતેના અન્ય ૨૦ વર્ષીય યુવક પ્રીતેશ પટેલની મંગળવારે વહેલી સવારે ૪ વાગે ક્રાઈમબ્રાન્ચે તેનાં નિવાસસ્થાનેથી ધરપકડ કરી ગાંધીનગર લઈ જવામાં આવ્યો હતો.મનહર પટેલ સહીત બન્ને આરોપીઓની ધરપકડ બાદ પેપરલીક મામલે બાયડનાં અન્ય શખ્સોના હજુ વધું નામ બહાર આવે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

લોકરક્ષક પેપરલીક પ્રકરણ મામલે અરવલ્લી જીલ્લામાં ક્રમશઃ આરોપીઓને જિલ્લામાંથી ગાંધીનગર ક્રાઈમબ્રાન્ચે ઝડપી પાડ્યાના પગલે સમગ્ર રાજયમાં અરવલ્લીમાંથી જ પેપર લીક કરાયું હોવાની શક્યતાઓ પ્રબળ બની છે.જોકે જયેન્દ્ર રાવલના પરિવારજનોએ ધરપકડ બાદ જયેન્દ્ર પર લાગેલા આરોપો નકારી કાઢ્યા હતાં.યુવક પ્રીતેશ પટેલ તેમજ જયેન્દ્રની ધરપકડને પગલે બાયડ તાલુકા સહીત સમગ્ર અરવલ્લીમાં ચકચાર મચી હતી.

### મનહર પટેલ અને જયેન્દ્ર રાવલ બન્ને સાથે બિયારણનો વ્યાપાર કરતા હતાં

વર્ષો પહેલાં અરજણવાવનો મનહર પટેલ અને સાઠંબાનો જયેન્દ્ર રાવલ બન્ને વ્યક્તિઓ એક બીજા સાથે બિયારણનો ધંધો કરતા હતાં.વ્યવસાયને કારણે બન્ને વચ્ચે સંબધો વિકસ્યા હતાં.ત્યારબાદ બન્ને ભાજપમાં જોડાતા ભાજપના નામે જરૂરિયાતમંદ લોકોને પોતાની જાળમાં ફાંસી પૈસા ખંખેરતા હોવાનું સમગ્ર બાયડ તાલુકામાં ચર્ચાસ્પદ બન્યુ છે.

### જયેન્દ્ર રાવલનો ભાજપ-સહકારી ક્ષેત્રે પોલિટિકલ ગ્રાફ

જયેન્દ્ર રાવલ આગાઉ સાઠંબા ગ્રામપંચાયતની સરપંચ પદ માટેની ચુટણી લડી ચુક્યો છે.તેની પત્ની પણ આજ હોદ્દા માટેની ચૂંટણી લડી હતી. ત્યારબાદ ભાજપના સ્થાનિક નેતાઓના સંપર્કમાં આવતાં તેને બાયડ તાલુકા ભાજપનો મહામંત્રી બનાવવામાં આવ્યો હતો.થોડાક સમય આગાઉ સાઠંબા પીપલ્સ બેંકમાં ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યો હતો.હાલ સાઠંબા કેળવણી મંડળ ખાતે સભ્યપદ પણ ધરાવે છે.વિધાનસભા ૨૦૧૭ની ચુટણી ટાણે તેને ભાજપમાંથી તેને પ્રચાર પ્રસાર વિભાગમાં નિમણુંક પણ આપવામાં આવી હતી.

### જયેન્દ્ર રાવલનાં પરિવારે આરોપો નકાર્યા

પેપરલીક કૌભાંડમાં મનહર પટેલ બાદ ક્રાઈમબ્રાંચે જયેન્દ્ર રાવલને દબોચી લેતા બાયડ સહિત અરવલ્લીમાં ઘેરા પ્રત્યાઘાતો પડયાં હતાં જોકે જયેન્દ્ર રાવલના પરિવારજનોએ તેઓ મનહર પટેલ સાથે કોઈ ડ્રાઈવર ન હોય ત્યારે માત્ર તેની ગાડી ચલાવવા જતા હતાં.તેમણી પેપરલીક પ્રકરણમાં કોઈ જ સામેલગિરી નથી તેમ જણાવી જયેન્દ્ર રાવલ પર લાગેલા આક્ષેપો નકાર્યા હતાં.

### થોડાક જ દિવસોમાં જયેન્દ્ર રાવલના પુત્રના લગ્ન યોજાવાના છે

સૂત્રો પાસેથી મળતી માહીતી અનુસાર આગામી ૯-૧૦ ડિસેમ્બેરના રોજ જયેન્દ્ર રાવલના પુત્રના ઘડિયા લગ્ન પણ લેવાવાના છે. પરિવારે કંકોત્રીનું પણ સગા સંબંધીઓમાં વિતરણ કરી દીધું છે ત્યારે એકાએક થયેલી ધરપકડ જયેન્દ્ર રાવલના પુત્રના લગ્નમાં વિક્ષેપ સર્જી શકે છે.

### જયેન્દ્ર રાવલ સાથે અરવલ્લી ભાજપ પ્રમુખ ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ

બાયડ તાલુકા ભાજપનાં પુર્વ મહામંત્રી રહી ચૂકેલા જયેન્દ્ર રાવલની ધરપકડ બાદ અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ સાથે તેમનો પ્રચાર દરમ્યાનનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

## રમોસના પ્રીતેશ પટેલના પાંચ દિવસના રિમાન્ડ મંજુર

### ઝડપાયેલ અન્ય 3 ઉમેદવારોને પણ રિમાન્ડ પર લેવાયા : ગાંધીનગર પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી

LRD પેપર લીકકાંડમાં ઝડપાયેલ ૪ ઉમેદવારોને ગાંધીનગર પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતાં. પોલીસે ચારેય આરોપીઓની સઘન પૂછપરછ માટે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી જોકે કોર્ટે આરોપીઓના ૫ દિવસના રીમાંડ મંજૂર કર્યા હતાં ઝડપાયેલ આરોપીઓ પૈકી બાયડ તાલુકાના પ્રીતેશ પટેલનો પણ આરોપી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.પ્રીતેશ પટેલના ૫ દિવસના રિમાન્ડ મંજુર થતાં જ આ કૌભાંડમાં કથિત રીતે સામેલ બાયડ તેમજ ધનસુરા ખાતેના કેટલાંક શકમંદ લોકો ધરપકડની બીકે ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

રાજયભરમાં બહુ ચર્ચિત બનેલ LRD પેપર લીકકાંડમાં એક પછી એક આરોપીઓની ધરપકડ કર્યા બાદ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા ગાંધીનગર પોલીસે કમર કસી છે. મંગળવારે ઝડપાયેલ ઉત્તર ગુજરાતના આ ચાર આરોપીઓમાં પ્રીતેશ પટેલ (બાયડ), નરેન્દ્ર ચૌધરી (મહેસાણા), અજય પરમાર (વડગામ), ઉત્તમસિંહ ભાટી (વડગામ)નો સમાવેશ થાય છે. આ ચારેય આરોપીઓ થકી મુખ્ય સૂત્રધાર વિરૂદ્ધ ગાળિયો મજબૂત બનાવવા તેમજ અન્ય આરોપીઓની સંડોવણી ખુલ્લી પાડવા ગાંધીનગર પોલીસે ચારેય આરોપીઓને બુધવારે ગાંધીનગરની કોર્ટમાં રજુ કર્યા હતાં. ગાંધીનગર પોલીસે આરોપીઓની ઉલટ તપાસ માટે કોર્ટ સમક્ષ ૧૪ દિવસના રિમાન્ડ માટેની માંગ કરી હતી. જોકે કોર્ટે ચારેય આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કરતાં પોલીસે આરોપીઓને રીમાંડ પર લઈ માસ્ટર માઈન્ડ સુધી પહોંચવા કાર્યવાહી હાથ ધરી હોવાના અહેવાલો સાંપડી રહ્યાં છે. પેપર લીક કૌભાંડનાં આરોપીઓના રિમાન્ડને પગલે સમગ્ર અરવલ્લી પંથકમાં સોપો પડી ગયો હતો.બાયડ તાલુકાના આરોપી પ્રીતેશની ઉલટ તપાસ હાથ ધરાવાની દહેશતને પગલે મનહર પટેલ જયેન્દ્ર રાવલ તેમજ પ્રીતેશ પટેલ સાથે નીકટનો ઘરોબો ધરાવતા શકમંદો છૂમંતર થઈ ગયા હોવાના પણ અહેવાલો સમગ્ર જીલ્લામાં વાયુ વેગે પ્રસર્યા હતાં.

### આરોપીઓ અને ઉમેદવારો રાજેન્દ્રનગર ચોકડી પરથી પસાર થયેલા

પેપર લીકકાંડમાં સંડોવાયેલ આરોપીઓ સહીત પાંચ પાંચનાં ગ્રુપમાં દિલ્હી સુધી ગયેલાં ૨૦-૨૫ જેટલા ઉમેદવારો મોટા ચીલોડા અને નાના ચીલોડાથી રાજસ્થાન માર્ગે દિલ્હી પહોંચ્યા હતાં. જયાં પેપર લીકકાંડમાં સામેલ વ્યક્તિઓ પણ આ ઉમેદવારો સાથે જ ગાડીઓમાં હતાં.કૌભાંડીઓ પૈકી નિલેશ નામના એક વ્યક્તિએ દિલ્હી જતા પહેલાં ઉમેદવારોને ભિલોડા તાલુકાના રજેન્દ્રનગર ચોકડી ખાતે મોબાઈલ લઈ સ્વીચ ઑફ કરાવ્યા હતાં તેમજ ઉમેદવારોના ઓળખકાર્ડ પણ કબ્જે કર્યા હતા.

### ગેન્ગનાં સભ્યોએ ઉમેદવારોને કહ્યુ આટલી વાર કેમ ?

ગાંધીનગરના એસ.પી મયુર ચાવડાએ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યા અનુસાર ગુજરાતમાંથી લઈ જવાયેલ ઉમેદવારોને દિલ્હીની ગેન્ગના સભ્યએ ઉમેદવારોને ૨ કલાક જેટલો સમય પેપર જોવા માટે લાગતા જણાવ્યું હતુ કે 'આટલી વાર કેમ ? બીજા રાજયનાં પેપર ફોડવામાં વધુ વાર નથી લાગતી એક કલાકમાં પેપર પુરુ કરો.'

### દિલ્હી ગયેલાં ઉમેદવારો માટે ઝડપાયેલા પર ગાળિયો કસાશે

એસ.પી.મયુર ચાવડાના જણાવ્યા અનુસાર દિલ્હી ખાતે પાંચ પાંચનાં ગ્રુપમાં ઉમેદવારોને લઈ જવામાં આવ્યાં હતાં. જોકે પેપર ખરીદવામાં બાયડ તાલૂકાના રમોસના ૨૦ વર્ષીય પ્રીતેશ પટેલની સંડોવણી બહાર આવતાં તેની ધરપકડ કરવામાં આવી છે.આવા અન્ય ૩ ઉમેદવારોને પણ ઝડપી પાડ્યા છે અન્ય ઉમેદવારો સુધી પહોંચવા ક્રાઈમ બ્રાન્ચ પ્રીતેશ પટેલ અને ઝડપાયેલ અન્ય ઉમેદવારોની ઉલટ તપાસ હાથ ધરશે.તપાસના આધારે દિલ્હી લઈ જવાયેલ ૨૦ થી ૨૫ જેટલા ઉમેદવારો ક્યાંના હતા તેનુ પગેરું મેળવાશે.

### પેપર લીકકાંડ મામલે અરવલ્લીમાં સીપીએમએ આવેદનપત્ર

LRD પેપર લીક કૌભાંડના મૂળિયાં અરવલ્લી સુધી પહોંચ્યા બાદ એક પછી એક ધરપકડને કારણે સમગ્ર જિલ્લો સ્તબ્ધ થઈ ચુક્યો છે.

# ભિલોડા વેપારીની હત્યા કરનાર ૪ આરોપીઓ ઝબ્બે

ભિલોડામાં ૧૩ નવેમ્બરે સાંજના સમયે અક્ષર કોમ્પ્લેક્ષમાં "માં અંબે ટ્રેડિંગ" નામની દુકાન ધરાવનાર વેપારી રાજેન્દ્રભાઈ હરખલાલજી અગ્રવાલ દુકાન બંધ કરી દુકાનની સિલક (રૂપિયા) બેગમાં ભરી તેમના રહેઠાણ સ્થળ શાંતિનગર સોસાયટીમાં ઘર નજીક એક્ટિવા લઈ પહોંચતા લૂંટની ઘટનાને અંજામ આપવા બે શખ્શો બાઈક પર ધસી આવી વેપારી પાસેથી થેલો ઝુંટવી લેતા ઝપાઝપી થતા વેપારીને વેપન માંથી ફાયરિંગ કરી હત્યા કરી રૂપિયા ભરેલ બેગની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી ભિલોડામાં લૂંટ વીથ મર્ડરની ઘટના બનતા રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ સહીત જીલ્લા પોલીસ કાફલો ભિલોડા નગરમાં ખડકી દીધો હતો વેપારીના હત્યાના પગલે નગરજનો અને વેપારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને કાયદો અને વ્યવસ્થાની સ્થતિ પડી ભાંગી હોવાના આક્ષેપ સાથે ભિલોડા બંધનું એલાન અપાતા જીલ્લા પોલીસ વડા મયુર પાટીલે ભિલોડા પહોંચી મૃતક વેપારીના પરિવારજનો અને વેપારીઓને હત્યારાઓને ઝડપી પાડવાની હૈયાધારણા આપી જીલ્લા એલસીબી સહીત વિવિધ ટીમો બનાવી બાતમીદરો ના આધારે લૂંટ વીથ મર્ડરની ઘટનાને અંજામ આપનાર ગેંગના ચાર આરોપીઓને ઝડપી પાડી અન્ય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા વેપારી પર ફાયરિંગ કરી હત્યાને અંજામ આપી લૂંટ કરી ફરાર થઈ જનાર ચાર શખ્શોને ઝડપી પાડ્યા હતા જેમાં અંકુર કુમાર ઉર્ફે કૂકડો નામદેવભાઈ માવજીભાઈ ખડા(રહે,બુજ ફળિયું, વાંસડી ચુનાખાણ ભિલોડા) તથા વિજયકુમાર ઉર્ફે આર.વી પુનજી દેવજીભાઈ બજાત (રહે, બજાત ફળિયું, કલ્યાણપુર, ભિલોડા) બંને શખ્શોએ બાઈક પર પીછો કરી રાજેન્દ્ર ભાઈ ને ઘર આગળ આંતરી લૂંટ ને અંજામ આપતા ઝપાઝપી થતા અંકુર ઉર્ફે કુકડાએ તેની પાસે રહેલી વેપનમાંથી ફાયરિંગ થેલો લૂંટી ફરાર થઈ ગયા હોવાની બાતમીના આધારે ઝડપી પાડી લૂંટની ઘટનાને અંજામ આપનાર અને વેપારીની રેકી કરનાર મેહુલ પ્રહલાદ ભાઈ વડેરા (રહે, વોરા વાવ ,વડેરું ફળિયું, ઈડર જી-સાબરકાંઠા ) અને ગણેશ ઉર્ફે ગની નારાયણ ભાઈ પટેલ (રહે,પટેલ ફળિયું, ધોલવાણી ,ભિલોડા) ની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથધરી આ ગુન્હામાં સંડોવાયેલા અન્ય શખ્શોની ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા હતા.






## લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં ન્યાયિક તપાસની માંગ

ભારતનો સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) સી.પી.એમ.ના અરવલ્લી જીલ્લા મંત્રી ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડથી ૯ લાખ બેરોજગાર યુવાનોનું ભાવિ અંધકારમય બન્યું હોવાનું જણાવી ગુજરાતની વિજય રૂપાણીની આગેવાની વાળી ભાજપ સરકાર ભ્રષ્ટાચારથી ખદબદી રહી હોવાના સાથે વારંવાર સરકારી ભરતીમાં પેપર લીક કૌભાંડ થતા આક્ષેપ સાથે લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓના ખાતામાં વળતર તરીકે ૧૦ હજાર રૂપિયા ચુકવવામાં આવે અને લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં સીબીઆઈ કે એસઆઈટી મારફતે તપાસની માંગ, મુખ્યમંત્રીના રાજીનામાની માંગ સાથે સમગ્ર કૌભાંડની ન્યાયિક તપાસની માંગ સાથે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપ્યું હતું. મોટી સંખ્યામાં સી.પી.એમ.ના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પોશીના તાલુકા પંચાયતના મહેકમની મંજુર ૩૪ પૈકી ૧૨ જગ્યા ખાલી

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકામાંથી વિભાજન કરીને નવીન તાલુકો બનાવવામાં આવ્યો છે. તારીખ ૨૬/૧૧/૨૦૧૫થી નવીન તાલુકો બનાવવામાં આવ્યો છે. ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં અંતરીયાળ તાલુકામાં આવેલી તાલુકા પંચાયત કચેરીએ આજરોજ સુધી પૂરતો સ્ટાફ મુકવામાં આવ્યો નથી. મોટા ભાગના ટેબલોનું કામગીરી ચાર્જમાં ચાલે છે જેને લઈને આવનારા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. હાલમાં પોશીના તાલુકા પંચાયતમાં કુલ ૩૪ જગ્યાનું સરકારી મહેકમ મંજુર થયેલ છે જે પૈકી કુલ ૨૨ જગ્યા ભરેલી છે અને ૧૨ જગ્યા ખાલી છે. અંતરીયાળ વિસ્તારને તાલુકાનો દરજ્જો તો આપ્યો પણ સ્ટાફના અભાવે પ્રજાને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

## શિરવાડા ખાતે વિશ્વ હિન્દુ પરીષદની મિટીંગ યોજાઇ

વિશ્વ હિન્દુ પરીષદ બનાસકાંઠા દ્વારા ભગવાન શ્રીરામ જન્મભુમિ મંદીર નિર્માણ માટે વિરાટ ધર્મસભાનુ આયોજન આગામી તારીખ ૯/૧૨/૧૮ ના હવાઈ પિલ્લર ડીસા ખાતે હોઈ તેના અનુસંધાને શિરવાડા ખાતે કાંકરેજ તાલુકા વિશ્વ હિન્દુ પરીષદની મિટીંગ યોજાઇ હતી.તેમાં રામજન્મભુમિ પર મંદીરનુ નિર્માણ અંગેની વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી.વિશાળ સંખ્યામાં કાર્યક્તાઓને ડીસા ખાતે ધર્મસભામાં પધારવા આહવાન કર્યુ હતુ.આ કાર્યક્રમમાં દિપકભાઇ જોષી,શાંતુજી ધાંધોસ,હિતેશભાઈ સોની,ધર્મેન્દ્રસિંહ વાઘેલા,જીગ્નેશ પુજારા, રવિ રાઠોડ, અર્જુન ઠકકર, નાનજીભાઇ જોષી, તેમજ શિરવાડા ગામના વડીલો, યુવાનો, બાળકો અને ગૌસેવકો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનુ સફળ સ્ટેજ સંચાલન કરશનભાઇ જોષીએ કર્યુ હતુ.




## ડીસાથી ગેલોત પરિવારની બાનેશ્વરી માતાનો સંઘ રાજસ્થાનના ચિતોડ જવા માટે પ્રસ્થાન કર્યું

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વસતા ગેલોત પરિવારની પરિવાર ના કુળદેવી નું ધામ રાજસ્થાન ચિતોડ ગઢ માં આવેલું છે જેથી બુધવારે ડીસા દિપક હોટલ પાસેથી માળી સમાજના લોકોએ રાજસ્થાનના ચિતોડગઢ ખાતે આવેલ મા બાણેશ્વરી ના ધામમાં પગપાળા જવા માટે પ્રસ્થાન કર્યું હતું વાજતે-ગાજતે નીકળેલા આ સંઘમાં સાડા ત્રણસોથી વધુ ભાઈ-બહેનો જોડાયા હતા આ પગપાળા સંઘમાં જોડાયેલા યાત્રિકો માટે રસ્તામાં ચા-નાસ્તો ભોજન આરામ ની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે અને આ યાત્રિકો માં બાણેશ્વરી ના ધામમાં પહોંચી પૂજા અર્ચના દર્શન કરી ધન્યતા અનુભવશે આ સંઘમાં લાઈવ ડીજે વરઘોડામાં માતાજી ના નામ સાથે ભાવિ ભક્તો જુમી ઉઠ્યા હતા જેમાં ગેલોત પરિવારના મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા આજે વહેલી સવારે નીકળેલો આ સંગ દસ દિવસે રાજસ્થાનના ચિતોડગઢ માં પહોંચશે.



## ધાનેરામાંથી ૨૫૦ શંકાસ્પદ તેલના ડબ્બા ભરેલી ગાડી ઝડપાઈ




ધાનેરા પોલીસે ધાનેરામાંથી ૨૫૦ જેટલા શન્કાસ્પદ તેલના ડબ્બા ભરેલી ગાડી ઝડપી કાયદેસરની કાર્યવાહીઓ હાથ ધરી છે તો બીજી તરફ ધાનેરામાં શંકાસ્પદ તેલ અને ઘીનો કારોબાર ચાલી રહ્યો તેમ એક બાદ એક શંકાસ્પદ તેલ અને ઘીની ગાડીઓ ઝડપાઈ રહી છે.

બનાસકાંઠા જિલ્લાનું ડીસા શહેર એ શંકાસ્પદ તેલ અને ઘીના નામથી જાણીતું છે અને ડીસામાંથી આજુબાજુના વિસ્તારમાં શંકાસ્પદ તેલ અને ઘીની હેરાફેરી કરવામાં આવી રહી છે ત્યારે થોડા પણ ધાનેરામાંથી શંકાસ્પદ ઘી ઝડપાયું હતું અને તે બાદ આજે પણ ધાનેરામાંથી શંકાસ્પદ તેલના ૨૫૦ જેટલા ડબ્બાઓ ભરેલી ગાડી ઝડપાઈ છે ધાનેરા પોલીસે આ ગાડીને ઝડપી ધાનેરા પુરવઠા વિભાગને સોંપી હતી અને પુરવઠા વિભાગે આ બાબતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા માંથી અવાર નવાર શંકાસ્પદ ઘી અને તેલનો જથ્થો ધાનેરામાં ઠલવાઈ રહ્યો છે અને ધાનેરાના કેટલાક વેપારીઓ ગરીબ અને ભોળી પ્રજા અને આવુ તેલ અને ઘી ઊંચા ભાવે પધરાવી લોકો સાથે છેતરપિંડી કરી રહ્યા છે ત્યારે ધાનેરાના લોકો જણાવી રહ્યા છે જો તંત્ર દ્વારા આ બાબતે તટસ્થ તાપસ કરવામાં આવે તો ધાનેરામાંથી પણ કેટલુંય શંકાસ્પદ ઘી અને તેલ મળી આવે તેમ છે.

